ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

આજે વસંત પંચમી

જ્ઞાનપંચમી તરીકે ઉજવાતી વસંત પંચમી મા-સરસ્વતીના પૂજનનો દિવસ ગણાય છે : ગાંધીનગરમાં લગ્નોનો ધમધમાટ : વસંત પંચમીએ શહેરમાં અસંખ્ય લગ્નો યોજાશે : શુભકાર્યો માટે શ્રેષ્ઠ દિવસ

ગાંધીનગર, તા. ૨૩

વસંત પંચમી એટલે વણજોયુ મુહૂર્ત. લગ્નાદિ શુભકાર્યો માટેનો શ્રેષ્ઠ અવસર. વળી આ વખતે વસંત પંચમીના અવસરે સળંગ ત્રણ રજાઓ આવતી હોવાથી આ દિવસો દરમ્યાન ગાંધીનગરમાં ખુબ લગ્નો યોજાયા છે. શહેરમાં ઠેકઠેકાણે મંડપ બાંધેલા જોવા મળી રહ્યા છે.

દિવસો સુધી શિયાળાની આકરી ઠંડીમાં ઠુંઠવાઈને પડેલી પ્રકૃતિમાં નવી ચેતના ઉજાગર થવાની શરૂઆત થાય તે દિવસ એટલે વસંત પંચમી. પ્રકૃતિ નવા જોમ-જુસ્સા સાથે ખીલી ઉઠે છે અને વાતાવરણમાં નવો ઉત્સાહ પ્રગટે છે. નવી ચેતના, આશા, ઉમંગ અને પ્રેમની ઋતુ ગણાતી વસંતનો પ્રારંભનો દિવસ એટલે વસંત પંચમી. ઉત્તરાયણ પહેલાના કમુરતાના સમયમાં બંધ પડેલા લગ્નાદિ શુભ કાર્યોની શરૂઆત થાય ત્યારે આવતી વસંત પંચમી વણ જોયુ મુહૂર્ત ગણાય છે. આથી આ દિવસે અસંખ્ય લગ્નો યોજાય છે. સમુહ લગ્નોના આયોજન પણ આ દિવસે ખુબ થાય છે.

વસંતપંચમીને જ્ઞાન પંચમી તરીકે પણ ઉજવવામાં આવે છે. આ

● અનુસંધાન પાન-૭ પર

ઉત્સવ યાત્રા - કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યુવક મહોત્સવના પ્રારંભે કલાકાર યાત્રા યોજાઈ હતી. યાત્રામાં વિવિધ કોલેજોના સ્પર્ધક વિદ્યાર્થીઓ અલગ-અલગ વેશ પરિધાન કરી જોડાયા હતા. 'નારી તુ નારાયણી' થીમ પર વિવિધ ટેબ્લોઝ પણ પ્રસ્તુત કરાયા હતા. નારીશક્તિને પ્રગટ કરતી કૃતિઓ ઉંટલારી, ટ્રેક્ટર, અને પદયાત્રામાં રજૂ કરાતી હતી. નગરના રાજમાર્ગ પર વિદ્યાર્થીઓની આ ઉત્સવ યાત્રાને નગરજનો ભારે ઉત્સાહથી વધાવતા હતા. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ સહિત તમામ પદાધિકારીઓ, આચાર્યો અને પ્રાધ્યાપકો ઉત્સવ યાત્રામાં જોડાયા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરની શરમકથા

સે. ૨૪માં નવજાત બાળકી કોથળામાં લપેટી ત્યજી દેવાઈ...

એક દિવસની બાળકીના રડવાનો અવાજ કચરાના ઢગમાંથી સંભળાતા શાકભાજીના વેપારીઓ ત્યાં દોડયા : ફુલ સમી બાળકી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ : પાપ છુપાવવા દિકરીને ત્યજી દેનાર અજાણી માતા સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૩

શબ્દોમાં કલ્પી ન શકાય તેટલી પીડાઓ સહન કરીને સંતાનને જન્મ આપતી માતાની મમતા તથા પ્રેમ ઉપર અનેક પુસ્તકો, કવિતાઓ અને કહેવતો લખાઈ છે આ તમામ સાહીત્યને શરમાવી નાંખે તેવો કિસ્સો ગાંધીનગર ખાતે પ્રકાશમાં આવ્યો છે. શહેરનાં સેકટર-૨૪માં સ્થિત હોલસેલ શાકમાર્કેટ પાસે પડેલા ગંદકીના ઢગમાં કોઈ નિર્દય માતાએ પોતાનું પાપ છુપાવા તાજી જન્મેલી દિકરીને એક કોથળામાં લપેટીને ત્યજી દીધી અને ત્યાંથી સરકી ગઈ હતી. શાકભાજી વેચતા વેપારીઓના કાને અચાનક માસુમ બાળકીનો રડવાનો અવાજ પડતા તેઓ ત્યાં દોડી ગયા હતા અને કોથળામાંથી બહાર નિકાલીને તાત્કાલીક બાળકીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.

સવારે દશેક વાગ્યાનાં અરસામાં સે-૨૪ હોલસેલ શાકમાર્કેટ પાસે એક શ્રમિક રમેશ રાવળ ગંદકી પાસે કોથળા ફેંદી રહ્યો હતો ત્યારે અચાનક ત્યાંકી કોઈ નાના બાળકનો રડવાનો અવાજ આવવા લાગતા શ્રમિક તથા

● અનુસંધાન પાન-૭ પર

ખાનગી હોસ્પિટલમાં કોંગોના બે દર્દી દાખલ થતાં તંત્ર હરકતમાં

બન્ને દર્દી રાજસ્થાનના રહીશ છે અને સારવાર માટે જ અહિ આવ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં કોંગો ફીવરના બે દર્દી દાખલ થતાં આરોગ્યતંત્ર હરકતમાં આવ્યુ છે. આ બન્ને દર્દીઓ પાડોશી રાજ્ય રાજસ્થાનના રહીશ છે.

ગાંધીનગર નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલા આ બન્ને દર્દીઓના લોહીના સેમ્પલ અને સિરમ આજે ચકાસણી દરમ્યાન કોંગો પોઝીટીવ જણાયા હતા.

આ બાબતની જાણ થતાં જ આરોગ્ય તંત્રના અધિકારીઓ ત્યાં પહોંચ્યા હતા. મળતા અહેવાલો પ્રમાણે દર્દીઓની હાલત હાલ સ્થિર છે. આ બન્ને દર્દીઓ રાજસ્થાનના જોધપુર પંથકના રહેવાસી છે.

કોંગો એ પશુની ઈતરડીમાંથી થતો રોગ છે અને તે દર્દીના સંપર્કમાં આવવાથી રોગનો પ્રસાર થતો હોય છે.

મેડીકલ કોલેજમાં માળખાકીય સુવિધાઓના અભાવને લઈ કાઉન્સીલે વાંધા મુદ્દા મોકલ્યા

ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી પૂર્વે પુનઃ ઈન્સ્પેક્શન થશે : કોલેજ સત્તાવાળાઓની દોડધામ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મેડીકલ કોલેજ હસ્તકની સિવિલમાં આવેલા વિવિધ વોર્ડોમાં સુવિધાનો અભાવ સહિત ૨૦ થી વધુ જેટલી ક્ષતીઓ સાથે મેડીકલ કાઉન્સીલે એક મહિનામાં જવાબો આપવા માટે કોલેજ સંચાલકોને જણાવ્યું છે.

ગાંધીનગર મેડીકલ કોલેજે ચોથા વર્ષના અભ્યાસક્રમ માટે મંજૂરી માંગી છે. આ માટે મેડીકલ કાઉન્સીલની ટીમે નવેમ્બરમાં ઈન્સ્પેક્શન કર્યું હતું. ઈન્સ્પેક્શનના અંતે આ સપ્તાહમાં જ કાઉન્સીલે ૨૦ જેટલી ક્ષતિઓ અંગે નોટીસ આપી છે.

મળતી વિગતો પ્રમાણે કાઉન્સીલ દ્વારા મંગાયેલા ખુલાસાને અંતે પુનઃ ઈન્સ્પેક્શન કરવામાં આવશે અને તે બાદ મંજૂરી આપવી કે નહી તે અંગેનો નિર્ણય લેવામાં આવશે.

મેડીકલ કાઉન્સીલે જે ક્ષતિઓ દર્શાવવામાં આવી છે તેમાં ઓપરેશન થિયેટરની સંખ્યાને લઈ, પ્લાસ્ટર રૂમની સુવિધાનો અભાવ, વોર્ડની સંખ્યા, પથારીની સુવિધા તેમજ કેટલાક વોર્ડ એક-બીજાની સાથે વધુ સંકળાયેલા જણાતાં મંજુરી આપતા પૂર્વે વાંધા લીધા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને હજુ નવા સિવિલ સંકુલનો પૂર્ણતઃ કબ્જો સોંપવામાં આવ્યો નથી અને આંતરમાળખાકીય સુવિધાને લઈ જે ક્ષતિઓ કાઉન્સીલે દર્શાવી છે તેને લઈ કોલેજ સંચાલકોની દોડધામ વધી જવા પામી છે.

મેડીકલ કાઉન્સીલે ગાંધીનગર મેડીકલ કોલેજની માળખાકીય સુવિધાઓને લઈ આ વખતે વાંધો લીધો છે તો ગત વર્ષે શૈક્ષણિક સ્ટાફની ભરતીને લઈ વાંધા લીધા હતા જે ઉલ્લેખનીય છે.

જો કે આ વખતે લીધેલા વાંધાઓ જોતાં પુનઃ ઈન્સ્પેક્શન આગામી મહિનામાં આવે તેવી શક્યતાઓ છે.

શહેરની સ્વનિર્ભર શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓને ફ્રી શિક્ષણ અપાશે

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થીઓને ધો-૧માં પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૨૩

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે શહેરી વિસ્તારના નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થીઓને નગરની સ્વનિર્ભર શાળામાં મફત શિક્ષણ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓના ફીની રકમ સરકાર ચુકવશે. શહેરી વિસ્તારના ૫૦૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

ખાનગી શાળાઓમાં નબળા અને વંચિત જૂથના બાળકોને તક મળતી ન હતી જયારે રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ થતા આવા પરિવારના બાળકો માટે સરકાર દ્વારા નવી યોજના અમલી બનાવાઈ છે. જેમાં સ્વ નિર્ભર ખાનગી શાળાઓમાં પણ આવા વિદ્યાર્થીઓને પ્રવેશ મળે અને વિના મુલ્યે શિક્ષણ પુરું પાડવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે ગાંધીનગર શહેરી વિસ્તારમાં નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થઓને સ્વનિર્ભર શાળાઓમાં ધો-૧ માં પ્રવેશ આપવામાં આવશે. જેમાં તા. ૧ જૂન વર્ષ ૨૦૧૫ની સ્થિતિએ બાળકની ઉંમર ૫ વર્ષની થતી હોય તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અપાશે. રાઈટ ટુ એજ્યુકેશન એકટ અન્વયે પ્રત્યેક શાળાના વર્ગમાં સંખ્યા મુજબ ૨૫ ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું નક્કી કરાયું છે. જયારે આ વિદ્યાર્થીઓની ફી પણ રાજય સરકાર સંસ્થાને ચુકવશે. જેના લીધે શૈક્ષણિક સંસ્થાઓને પણ આર્થિક નુકસાન વેઠવું પડશે નહીં. ગાંધીનગર શહેરી વિસ્તારની શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ધો-૧ થી ૮ સુધી આ વિદ્યાર્થીઓની ફી સરકાર ચુકવશે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષની ત્રીજીએ મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાનું સત્ર જાહેર થતાં રાજ્ય સરકારને ભીંસમાં લેવાની વ્યુહરચના ઘડવા માટે આગામી ઉજી ફેબ્રુઆરીના રોજ વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉજીના રોજ ગાંધીનગર ખાતે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં અને પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં કોંગ્રેસના ધારાસભ્યોની એક બેઠક માળનારી છે.

આ બેઠકમાં ધારાસભ્યોને કેવા પ્રશ્નો પૂછવા, અંદાજપત્રની ચર્ચામાં તેમજ વિભાગની માંગણીઓની ચર્ચામાં સૌથી વધુ ભાગ લઈને રાજ્ય સરકારની નિષ્ફળતાઓ છતી કરવા અંગેની વ્યુહરચના ઘડીને ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી સ્થિતિ, સ્વાઈન ફ્લુના રોગચાળાને ડામવામાં આરોગ્ય તંત્રની નિષ્ફળતાઓ સહીતના પ્રશ્નોને મુખ્ય મુદ્દાઓ બનાવીને રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટે વિપક્ષી દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમો ઘડી કાઢીને વ્યુહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારની નિષ્ફળતાઓ ઉપરાંત કેન્દ્રની ભાજપ સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટે પણ ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત તમામ ધારાસભ્યોને ગૃહમાં હાજર રહીને દરેક ચર્ચામાં ભાગ લેવા માટે પણ સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સ્વર્ણિમ પાર્કમાં ડાન્સીંગ ફુવારા માટે આજથી બે શૉ

રાધા કેસે ન જલે... અને જય હો ની ટયુન સંભળાશે : સાંજે ૭ અને ૮ વાગે બે શૉ થશે

ગાંધીનગર, તા. ૨૩

સ્વર્ણિમ પાર્કની વોટરબોડીમાં આજથી ડાન્સીંગ ફુવારાની રોનક નિખરશે. તંત્ર દ્વારા સહેલાણીઓને ધ્યાને લઈ ડાન્સીંગ ફુવારાના દરરોજ સાંજે બે શૉ યોજવાનો નિર્ણય લેવાયો છે. સાંજે ૭ અને ૮ વાગે તેમ ૧૦-૧૦ મિનિટના બે શૉ આજથી શરુ થશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેક્ટમાં ભવ્ય વોટર બોડી તૈયાર કરવામાં આવી છે. આંબેડકરના સ્ટેચ્યુ પાસે કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી આ વોટરબોડીમાં જર્મન ટેકનોલોજી આધારિત ફુવારા ફીટ કરવામાં આવ્યા છે. કલરફુલ અને ડાન્સીંગ ફુવારાની ટ્રાયલ પણ વાઈબ્રન્ટ પૂર્વે લેવાઈ હતી જયારે વાઈબ્રન્ટ બાદ આ ફુવારા બંધ કરી દેવાયા હતા. સહેલાણીઓ માટે રોજ સાંજના ફુવારાના શૉનું આયોજન કરવા વિભાગ દ્વારા સમય નિયત કરી દેવાયો છે. રોજ સાંજે ૭ અને ૮ કલાકે દસ-દસ મિનિટના બે શૉ યોજાશે. લગાન ફિલ્મના રાધા કેસે ન જલે તેમજ જય હો..ના જાણીતા ગીતની ટયુન પર પાર્કમાં ડાન્સીંગ ફુવારાની રોનક નિખરશે. સ્વર્ણિમ પાર્કની વોટરબોડીના ફુવારાને લઈ સહેલાણીઓમાં પણ આકર્ષણ છવાયું છે. જયારે આજથી રોજ બે શૉ માં આ ફુવારા ઓપરેટ કરવામાં આવશે.

ગુડાની નવી આવાસ યોજના માટે ૭૦૦થી વધુ ફોર્મ ભરાયા

અડાલજની એલ.આઈ.જી.-૨ આવાસ યોજનાને અનુલક્ષી ૩૧ જાન્યુઆરી સુધી ફોર્મ સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૨૩

રાયસણ, ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા ૩૬ ચો.મી.ના આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે આગામી દિવસોમાં અડાલજમાં એલ.આઈ.જી. ૨ પ્રકારના થોડા મોટા આવાસો બાંધવાનું કામ હાથ ધરવામાં આવનાર છે આ આવાસ યોજના અન્વયે ગુડાને ૭૦૦થી વધુ અરજદારોએ ફોર્મ ભરીને સુપ્રત કર્યા છે.

ઓછી આવક ધરાવતા પરિવારજનોને માથે છત પુરી પાડવા મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે આવાસો બાંધવાનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. અગાઉ રાયસણ, ચિલોડા અને અડાલજમાં ૩૬ ચો.મી.ના આવાસોની ફાળવણી માટે ડ્રોની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જયારે ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે ગુડા દ્વારા અડાલજમાં ૪૧.૯૨ ચો.મી.ના થોડા મોટા આવાસો બાંધવાનું કામ પણ ટૂંકમાં હાથ ધરવામાં આવનાર છે. આ આવાસની કિંમત રૂ. ૧૧ લાખ નિયત કરવામાં આવી છે. જેમાં ડ્રોઈંગરૂમ અને બેડરૂમ ઉપરાંત સ્ટડીરૂમ પણ બનાવવામાં આવશે. આવાસ યોજનાને લઈ લાભાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી તા. ૩૧ જાન્યુઆરી સુધી અરજદારોના ફોર્મ સ્વીકારવામાં આવશે જયારે અત્યાર સુધી ૭૦૦થી વધુ અરજદારોએ આવાસ યોજનાનું ફોર્મ ગુડાને સુપ્રત કરી દીધું છે.

સાત જિલ્લામાં ૨૮મીએ એક સાથે નર્મદા સબ કેનાલના કામોનું ખાતમુર્હત કરાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજયના સાત જિલ્લામાં ૨૮મીએ એક સાથે એક સમયે સબ માઈનોર કેનાલના ખાતમુર્હતો કરવામાં આવનાર છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરદાર સરોવર યોજના (નર્મદા)ના નીર રાજયના ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવા માટે કેનાલ અને સબ મઈનોર કેનાલો દ્વારા પહોંચાડવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બરોડા, ખેડા, આણંદ, મહેસાણા, બનાસકાંઠા સહીતના કુલ સાત જેટલા જિલ્લાઓમાં ૨૮મીને સોમવારના રોજ નર્મદા આધારીત સબ કેનાલના ખાતમુર્હત એક સાથે એક સમયે કરવામાં આવશે.

આ માટે મંત્રીઓને જિલ્લાઓની જવાબદારીઓ સોંપવામાં આવી છે. ૨૮મીએ મંત્રીઓ અને સંસદીય સચિવો શાસ્ત્રોકત વિધિ સાથે પૂજા અર્ચના કરીને સબ કેનાલના ખાતમુર્હત કરીને કેનાલોના કામોનો શુભારંભ કરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મજુબ સબ કેનાલના કામો ઝડપથી હાથ ધરીને આગામી ૬ માસથી એક વર્ષમાં આ કામો પૂર્ણ કરવા માટેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટયૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com